# પ્રેસ રિલીઝ

**ભારતીય વિદ્યા ભવન સંચાલિત અને ગુજરાતની સહુથી જૂની પત્રકારત્વ અને મેનેજમેન્ટ શિક્ષણ સંસ્થા**

## એચ.બી.ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ

શરૂ કરશે ઇન્ડસ્ટ્રી-અકાડેમિયા પાર્ટનરશિપ આધારિત નવા પાર્ટ-ટાઈમ અને રોજગારલક્ષી અભ્યાસક્રમ

- ડિજિટલ મિડિયા - જર્નાલિઝમ, સોશિયલ મિડિયા, કન્ટેન્ટ અને માર્કેટિંગ
- હોસ્પિટલ મેનેજમેન્ટ - હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન, પેશન્ટ મેનેજમેન્ટ
- ફાર્મા સેલ્સ એન્ડ માર્કેટિંગ - ફાર્મા સેલ્સ, માર્કેટિંગ

- **ગેસીઆ, ટીવેઝ પ્રોજેક્ટ અને અન્ય કંપનીઓ અને સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ.**
- **ઉદ્યોગોને કુશળ માનવશ્રમ, યુવાનોને સ્કિલ્સ-રોજગારના બેવડા ધ્યેય માટે નવો અભિગમ, ઉદ્યોગોના સહયોગથી નવા કોર્સ ટૂંક સમયમાં શરૂ થશે**

અમદાવાદઃ જાન્યુઆરી 7, 2021, ગુરુવાર

પત્રકારત્વ અને મેનેજમેન્ટ પણ શિખવાડતી પ્રતિષ્ઠિત સંસ્થા ભારતીય વિદ્યાભાવન સંચાલિત હરિલાલ ભગવતિ ઇન્સ્ટિટ્યુટ ઓફ કમ્યુનિકેશન એન્ડ મેનેજમેન્ટ (એચ.બી.આઇ.સી.એમ.) હવે વ્યાવસાયલક્ષી કૌશલ્ય શીખવા માટે પાર્ટ-ટાઇમ અભ્યાસક્રમો નવા ક્લેવરમાં, કોવિડ-બાદની નવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને રજૂ કરી રહી છે.

દરેક અભ્યાસક્રમમાં તેને સંલગ્ન ઉદ્યોગો અને ઉદ્યોગ સંગઠનોને ભાગીદાર બનાવવાની અને વર્તમાન અને ભાવિ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમનું નિર્માણ કરવાની નવી પહેલ ભવન્સ એચબીઆઇસીએમે કરી છે. આમ કરવાથી ઉદ્યોગોને કુશળ માનવશ્રમ સરળતાથી મળી રહેશે અને યુવાનોને રોજગારી મળવાની તક પણ વધી જશે.

### સોશિયલ મિડિયા, કમ્યુનિકેશન ક્ષેત્રના નવા કોર્સ

ઉદ્યોગોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કોર્સમાં ગુજરાતના સર્વોચ્ચ આઈ.ટી. એસોસિએશન 'ગેસિઆ', કે જે ગુજરાતમાં આઇટી, આઇટીઇએસ અને ઇલેક્ટ્રોનિક્સ ઇન્ડસ્ટ્રીઝનું પ્રતિનિધિત્વ કરે છે, તેની સાથે એમઓયુ કરવામાં આવ્યો છે, તેમજ ડિજિટલ માર્કેટિંગ એજન્સીઝનો સાથ પણ લેવામાં આવી રહ્યો છે. આમ ડિજિટલ મિડિયાના સમગ્ર ક્ષિતિજને આ અભ્યાસક્રમમાં આવરી લેવામાં આવ્યું છે.

આ કંપનીઓ અને સંસ્થાઓ અભ્યાસક્રમ તૈયાર કરી સમયાંતરે તેને અદ્યતન બનાવવામાં ભવન્સની મદદ કરશે. તેઓ પોતાના નિષ્ણાતોને ફેકલ્ટી તરીકે પણ મોકલશે, અને વિદ્યાર્થીઓને તાલીમ તેમજ ઇન્ટર્નશિપ આપશે અને અભ્યાસક્રમના અંતમાં પ્લેસમેન્ટ્સમાં પણ ભાગ લેશે.

વર્ષ 2021થી પત્રકારત્વનો અભ્યાસક્રમ અંગ્રેજી માધ્યમમાં 'ડિજિટલ મિડિયાઃ જર્નાલિઝમ, સોશિયલ મીડિયા કન્ટેન્ટ એન્ડ માર્કેટિંગ'ના નામ હેઠળ શરૂ કરાશે. કોવિડ પછીના અને સાંપ્રત સમયમાં કમ્યુનિકેશન્સ ડિજિટલ માધ્યમો તરફ વળી રહ્યું છે તેને જોતા આ કોર્સ પત્રકારત્વ અને સોશિયલ મિડિયાના નિષ્ણાતો દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

તેમાં લખાણ – કન્ટેન્ટ રાઇટિંગ તેમજ સોશિયલ મિડિયામાં મહત્તમ લોકો સુધી કેવી રીતે પહોંચાડવું તેના કૌશલ્યો આપવામાં આવશે. તેનાથી સમાચાર સંસ્થાઓ ઉપરાંત બ્લોગ રાઇટર્સ પોતાના કન્ટેન્ટનું સારામાં સારું માર્કેટિંગ અને પ્રસાર ડિજિટલ મિડિયામાં કરી શકશે.

પત્રકારત્વ ઉપરાંત એડવર્ટાઇઝમેન્ટ અને માર્કેટિંગમાં પણ ડિજિટલ મિડિયા ચાવીરૂપ બની ગયું છે. ખાનગી કંપનીઓ પોતાની પ્રસિદ્ધિ, પ્રોડક્ટના માર્કેટિંગ તેમજ રેપ્યુટેશન મેનેજમેન્ટ માટે તેનો ઉપયોગ કરી રહી છે. આ માટે કન્ટેન્ટ રાઇટર્સ અને ક્યુરેટર્સની ભૂમિકા મહત્ત્વની છે. પ્રસ્તુત અભ્યાસક્રમમાં આ બાબતને પણ ધ્યાનમાં રાખી હોવાથી, તેની ઉપયોગીતા સમાચાર માધ્યમો ઉપરાંત ડિજિટલ મિડિયામાં પોતાનું સ્થાન દૃઢ કરવા માંગતી ખાનગી કંપનીઓ માટે પણ કુશળ માનવશ્રમ તૈયાર કરવામાં આવશે.

### ફાર્મા અને હોસ્પિટલલક્ષી અભ્યાસક્રમો

કોવિડ-19ની અભૂતપૂર્વ મહામારીને જોતા તબીબી ક્ષેત્રમાં આવેલા અને આવનારા બદલાવને ધ્યાનમાં રાખીને છ મહિનાનો હોસ્પિટલ મેનેજમેન્ટનો અભ્યાસક્રમ જાન્યુઆરી 2021થી શરૂ કરાઈ રહ્યો છે. આ માટે શહેરની અગ્રણી હોસ્પિટલ્સ, નર્સિંગ હોમ્સ અને સંગઠનો સાથે જોડાણ કરવામાં આવશે. સમાજમાં ખાનગી હોસ્પિટલ્સ્ અને નર્સિંગ હોમ્સનું ચલણ વધતા આ ક્ષેત્રમાં પણ કુશળ માનવબળની જરૂરિયાત ખૂબ ઝડપથી વધી રહી છે. આ અભ્યાસક્રમ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

ભારતમાં દવાના ઉત્પાદનમાં ગુજરાત મોખરે છે. આથી દવાના વેચાણ માટે ફાર્માસ્યુટિકલ સેલ્સ એન્ડ માર્કેટિંગ માટે યુવાનોની પુષ્કળ માંગ અને ઉજ્જ્વળ કારકિર્દીના અવકાશને ધ્યાનમાં રાખીને ભવન્સ એચબીઆઇસીએમે ફાર્મા સેલ્સ એન્ડ માર્કેટિંગનો ગુજરાતમાં આ પ્રકારનો પ્રથમ અભ્યાસક્રમ તૈયાર કર્યો છે. આ માટે દવા કંપનીઓ, ફાર્માસ્યુટિકલ સેક્ટરના અનુભવી વિદ્વાનોનો સહયોગ પણ લેવામાં આવ્યો છે. તેઓ વિદ્યાર્થીઓને તાલીમ અપાવવામાં મદદ કરશે.

આ કોર્સ માટે ભવન્સે અમદાવાદ-સ્થિત અને ફાર્માસ્યુટિકલ્સ સેક્ટરમાં કન્સલ્ટન્સી અને તાલીમ આપતી જાણીતી પેઢી ટિવેઝ પ્રોજેક્ટ સાથે સમજૂતિ કરાર (એમ.ઓ.યુ.) કર્યો છે. ભવન્સ અમદાવાદ વર્ષોથી લોકપ્રિય રહેલા ઇન્ડસ્ટ્રિઅલ રિલેશન્સ એન્ડ પર્સોનલ મેનેજમેન્ટ – એચ.આર., મટિરિયલ્સ મેનેજમેન્ટ, ઇન્ટરનેશનલ ટ્રેડ - એક્ષપોર્ટ-ઈમ્પોર્ટ, પત્રકારત્વ (ગુજરાતી) જેવા અભ્યાસક્રમો પણ ચલાવી રહી છે. આ બધા જ અભ્યાસક્રમોને નવો ઓપ આપવામાં આવ્યો છે તથા કોવિડની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઓનલાઇન ચલાવાય છે.

અર્થતંત્રના બદલાતા પરિમાણોને ધ્યાનમાં રાખીને ઉદ્યોગોને કુશળ માનવશ્રમ મળી રહે અને યુવાનોને રોજગાર મળી રહે તેવા અન્ય અભ્યાસક્રમો ઉદ્યોગોની ભાગીદારી સાથે અમલીકરણના વિવિધ તબક્કામાં છે.

**ઉદ્યોગો અને સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ.**

ભવન્સ એચબીઆઇસીએમના ટ્રસ્ટી મંડળના ચેરમેન શ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, “સ્થાપકોના દુરંદેશીપણાના કારણે 53 વર્ષ પૂર્વે આ સંસ્થા સ્થપાઈ હતી, જેણે હજારો વ્યાસાયિકો ઉદ્યોગ, સરકાર અને સમાચાર માધ્યમોને આપ્યા છે. હવે ઝડપથી બદલાતી પરિસ્થિતિમાં પણ ઉદ્યોગો, મિડિયા અને અન્ય ક્ષેત્રોને તેમની જરૂરિયાત મુજબના વ્યાવસાયિકો મળી રહે તેવો આશય આ નવા અભ્યાસક્રમોનો છે.”

માનદ સેક્રેટરી શ્રી પ્રકાશ ભગવતીએ કહ્યું કે, “સામાન્ય અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને પણ પોષાય તેટલી ઓછી ફી લઈને, પણ જે તે ક્ષેત્રના શ્રેષ્ઠ વ્યાવસાયિકોની સમકક્ષ બનાવે તેવી ગુણવત્તાવાળી અને સાંપ્રત જરૂરિયાતો મુજબની તાલીમ આપવાનો પ્રયાસ અમે કરી રહ્યાં છીએ. આ માટે અમે એક અનુભવી પ્રોફેશનલ્સની ટીમની પણ નિમણૂંક કરી છે.”

ગેસીઆ આઇટી એસોસિએશનના ચેરમેન તેજીન્દરપાલસિંઘ ઓબેરોયે જણાવ્યું હતું કે, “કોલેજોમાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને નોકરી માટે યોગ્ય બનાવવા માટે ખૂબ પ્રયત્નો થવા જરૂરી છે. આવા સંજોગોમાં ઉદ્યોગોની સાથે રહીને અભ્યાસક્રમ શરૂ કરવા અને તેમની પાસેથી ફેકલ્ટી મેળવવી એ સમયની જરૂરિયાત છે. ગેસિયા આવી પહેલોને ટેકો આપવા કટિબદ્ધ છે. ઉદ્યોગોને પણ પ્રવર્તમાન કૌશલ્યો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશિન લર્નિંગ અને બ્લોકચેન જેવી આગામી ક્ષેત્રોમાં તાલીમબદ્ધ કર્મચારીઓ જોઈએ છે. આ માટે સારા શૈક્ષણિક પ્રોગ્રામ્સ પણ એટલાજ જરૂરી છે.”

ટીવેઝ પ્રોજેક્ટના સહ-સ્થાપકો અજય શાહ અને રોનક શાહ, જેઓ ફાર્માસ્યુટિકલ સેલ્સ એન્ડ માર્કેટિંગ કોર્સના કો-ઓર્ડિનેટર્સ છે, તેમણે જણાવ્યું હતું કે, "આ કોર્સ વિદ્યાર્થીઓ માટે ખૂબ ફળદાયી નિવડશે અને ઉજ્જવળ કારકિર્દીનો અવકાશ ધરાવતા આ ક્ષેત્રમાં તેમને સારો પગાર મળવાની સંભાવના વધી જાય છે. અમે ઉદ્યોગમાંથી અનુભવી અને નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ અને તાલીમ આપીશું. કોર્સમાં ખાસ રોલ-પ્લે સેશન્સ હશે, જે વિદ્યાર્થીઓને ઉદ્યોગની વાસ્તવિક સ્થિતિથી પરિચિત કરાવશે. કોવિડ પછી નિર્માયેલી પરિસ્થિતિમાં નવીન પ્રકારની કામકાજની પદ્ધતિથી પણ તેમને વાકેફ કરવામાં આવશે. આ પ્રકારનો અભ્યાસક્રમ બીજે ક્યાંય પણ હોવાનું અમારી જાણમાં નથી. અમે બીજા પણ ઉદ્યોગલક્ષી અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો સાથે મળીને લાવીશું."

આ પ્રસંગે ભવન્સ એચબીઆઇસીએમના ખજાનચી ગૌરવ શાહ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

**આ કોર્સની વિગતો માટે નંબર 97272 72724 પરથી અથવા સવારે ૧૧થી સાંજે ૬ દરમિયાન ખાનપુર ખાતે ભવન્સ કાર્યાલયની રૂબરૂ મુલાકાત લઈ અને જાણકારી મેળવી શકાશે.**

---

ફોટો કેપ્શન 1

ડાબેથી જમણેઃ ભવન્સ એચબીઆઇસીએમના માર્કેટિંગ કન્સલ્ટન્ટ શ્રી કેયૂર ધનદેવ, સેન્ટર કો-ઓર્ડિનેટર શ્રીમતિ મીનાબેન ભાટિયા, ખજાનચી શ્રી ગૌરવ શાહ, ડિરેક્ટર શ્યામ પારેખ, માનદ્ મંત્રી શ્રી પ્રકાશ ભગવતી અને ટ્રસ્ટી મંડળના ચેરમેન શ્રી મુકેશ પટેલ ગેસિઆના ચેરમેન તેજીન્દર ઓબેરોય, વાઇસ ચેરમેન પ્રણવ પંડ્યા, માનદ્ સંયુક્ત મંત્રી સત્યાર્થ શ્રીવાસ્તવ.

ફોટો કેપ્શન 2

ડાબેથી જમણેઃ ભવન્સ એચબીઆઇસીએમના સેન્ટર કો-ઓર્ડિનેટર શ્રીમતિ મીનાબેન ભાટિયા, ડિરેક્ટર શ્રી શ્યામ પારેખ, ખજાનચી શ્રી ગૌરવ શાહ, માનદ્ મંત્રી શ્રી પ્રકાશ ભગવતી અને ટ્રસ્ટી મંડળના ચેરમેન શ્રી મુકેશ પટેલ ટિવેઝ પ્રોજેક્ટના સહ-સ્થાપકો શ્રી અજય શાહ અને શ્રી રોનક શાહ અને માર્કેટિંગ કન્સલ્ટન્ટ શ્રી કેયૂર ધનદેવ.